
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મહેતા સાહેબ... કેવો સમય હતો પચીસ વર્ષ પહેલા... નોકરી ચાલુ હતી અને ચાલુ નોકરીએ... અક્ષરધામ મહોત્સવમાં મોહનથાળ બુંદીનો પ્રસાદ લેવા જતા...!!

# બોરીસણામાં દેશી દારૂના અડ્ડા પર આરઆરસેલનો દરોડો

### રેન્જ આઈજીની સ્કવોર્ડે દરોડો પાડી ૨૦ પીપળા વોશ પકડ્યો : ૨ હજાર લીટર વોશ જપ્ત : બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર રેન્જ આઈજીપીની સ્કવોર્ડે આર.આર.સેલે આજે બપોરે કલોલના બોરીસણા ગામમાં ધમધમતા દેશી દારૂના અડ્ડા ઉપર દરોડો પાડતા સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા છતી થઈ છે. ૨૦ પીપળા દેશી દારૂ ગાળવા વપરાતા વોશના મળી આવતા આરઆરસેલે ૨ હજાર લીટર વૉશ જપ્ત કરી રાત્રે ભઠ્ઠી ધમધમે તે પહેલા જ મુદ્દામાલ જપ્ત કરી લીધો છે.

ગાંધીનગર રેન્જ આઈજીપી એમ.એ. સોલંકીએ ચાર્જ સંભાળ્યા બાદ દારૂ-જુગારના અડ્ડાઓ પર રીતસરનો સપાટો બોલાવી દેવાયો છે. અને બીજી તરફ આરઆરસેલ સુપર એક્ટીવ થયા બાદ રેન્જના ચારેય જિલ્લાઓમાં આવા અડ્ડાઓ બંધ કરાવી દેવાયા છે. તાજેતરમાં જ બે પી.આઈ. એક પીએસઆઈ અને જમાદારોને એક સાથે રેન્જ આઈજીપીએ સસ્પેન્ડ કરતા ચારેય જિલ્લાઓમાં પોલીસ સ્ટેશન ઈન્ચાર્જ એક્ટીવ થઈ ગયા છે. અને પોતાના હદ વિસ્તારમાંથી ક્યાંયથી દારૂ-જુગારના અડ્ડા ન પકડાઈ જાય તે મામલે ફફડાટ અનુભવી રહ્યા છે. દરમ્યાન આજે બપોરે કલોલના બોરીસણા ગામમાં ખુલ્લા ખેતરમાં વિષ્ણુ ગલા ઠાકોરના દેશી દારૂના અડ્ડા ઉપર આરઆરસેલે ચોક્કસ બાતમીને આધારે રેડ પાડી હતી. બુટલેગર વિષ્ણુ ઠાકોર મળી આવ્યો ન હતો પરંતુ તેના અડ્ડા પરથી ૨ હજાર લીટર એટલે કે ૨૦ પીપળા દેશી દારૂ ગાળવા વપરાતા વૉશનો જથ્થો મળી આવ્યો હતો. આરઆરસેલે મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર સામે કાર્યવાહી કરી કલોલ તાલુકા પોલીસને તપાસ સોંપી દીધી છે.



## આજે અક્ષરધામ ખાતે સંસ્કૃત વિદ્વાન સ્વામી ભદ્રેશદાસજીનું બહુમાન કરાશે

ગાંધીનગર, તા. ૨૮

શહેરની ઓળખસમા અક્ષરધામને ૨૫ વર્ષ પૂર્ણ થતા રજતજયંતિ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. આ ઉત્સવ અંતર્ગત 'આર્ષ' દ્વારા અક્ષરધામ ખાતે એકેડેમિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશભરના વિધ્વાનો ભાગ લઈ રહ્યા છે.

પૂ. પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા સ્થાપિત 'અક્ષરધામ એકેડેમી ઓફ રિસર્ચ ઈન સોશ્યલ હાર્મની' ઉર્ફે 'આર્ષ' સંશોધન કેન્દ્ર દ્વારા તા. ૨૯મી ઓકટોબર રવિવારે સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન પરિસંવાદનું અંતિમ સત્ર યોજાઈ રહ્યું છે. આ સત્રમાં સંસ્કૃતમાં ઉપનિષદો, બ્રહ્મસુત્ર અને ભગવદ ગીતા પર એકવીસમી સદીનું પ્રથમ ભાષ્ય લખનાર વિધ્વાન સ્વામી ભદ્રેશદાસજીનું સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી તથા અન્ય વિધ્વાનો દ્વારા બહુમાન કરાશે.

## ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર ઉત્તર વિધાનસભાનો સ્નેહ-મિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા, ૨૮

૩૬ ગાંધીનગર ઉત્તર વિધાનસભા ભારતીય જનતા પાર્ટી દ્વારા તા.૩૦-૧૦-૨૦૧૭ના રોજ સોમવારે સાંજે ૫ કલાકે રંગમંચ સેકટર,૧૬ ખાતે સ્નેહ-મિલન સમારોહ યોજવામાં આવ્યો છે.

આ સમારોહ કેન્દ્રીયમંત્રી પુરષોત્તમભાઈ રૂપાલાની અધ્યક્ષતામાં યોજાશે. આ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના કેબીનેટ મંત્રી ડૉ. મહેન્દ્રસિંઘ, ગુજરાત સરકારમાં મંત્રી શ્રીમતી ડૉ. નિર્મલાબેન વાધવાણી, પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, ગાંધીનગરના પ્રભારી પૃથ્વીરાજભાઈ પટેલ તથા ગાંધીનગર મહાનગરના સંગઠનના તમામ હોદ્દેદારો તથા તમામ વોર્ડના સનિષ્ઠ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. નવ વર્ષ નિમિત્તે યોજાનાર આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા ગાંધીનગરના વિવિધ સમાજના આગેવાનો, સહકારી આગેવાનો, પેજ પ્રમુખો તથા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર મહાનુભાઓને આવકારવામાં આવશે.

## હાર્દિક-મેવાણીને કોઈ તક ન આપવા માંગતુ ભાજપ છાશ પણ ફૂંકીને પીવા માંગે છે

### ભાજપ ભીંસમાં,પાટીદારો-દલિત વિરુદ્ધ પોલીસ ફરિયાદો ન લેવા સરકારના આદેશો

ગાંધીનગર,તા.૨૮

પાટીદાર અને દલિત આંદોલનમાં મુખ્ય બાબત પોલીસ દમન અને તેના વિરોધને કારણે ભાજપે પીછેહઠ કરવી પડી છે. એક ચોંકાવનારી માહિતી મુજબ છેક પોલીસ સ્ટેશનમાં હાલ ઉચ્ચ કક્ષાએથી કડક સૂચના આપવામાં આવી છે કે પાટીદાર અને દલિત વિરુદ્ધ એફઆઈઆર કરવાની જરૂર આવે તો ફક્ત જાણવા જોગ ફરિયાદ લઈને હાલ મામલો શંતિ રાખે. આ ચોંકાવનારી માહિતી પરથી ભાજપ માટે ચૂંટણીમાં પાટીદાર તથા દલિતોનો પ્રશ્ન કેટલો મોટો છે તે સ્પષ્ટ થાય છે.

ગાંધીનગરમાં બનેલા એક બજારમાં મુદ્દો બનતો હતો. જેથી કેટલાક માણસો વિરુદ્ધ પોલીસ કેસ કરવા અન્ય બીજી પાર્ટી પહોંચી ત્યારે આ કડવો અનુભવ થયો હતો કે ઉપરથી સૂચના છે. દલિત-પાટીદાર વિરુદ્ધ એફઆઈઆર હાલ હું કરીશ નહીં. ફક્ત જાણવા જોગ લેવામાં આવશે.

આમ ખાતરી કરવા અન્ય એક અધિકારીને પૂછતાં નામ ન દેવાની શરતો તેણે જણાવ્યું હતું કે હા વાત સાચી છે. છેક ઉચ્ચકક્ષાથી સૂચનાઓ છે કે પાટીદર અને દલિત વિરુદ્ધ કોઈ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાવી નહી. મામલો રફેદફે કરવો અને ન થાય તેવું હોય તો તેવા સંજોગોમા ફરિયાદ પણ જાણવાજોગ જ લેવી. આમ ચૂંટણીમાં ફરી એકવાર પોલીસની ભૂમિકા માટે હાલ તો કડક સૂચનાઓ આપીને ભાજપ દૂધથી દાઝેલું છાશ પણ ફૂંકીને પીવે તેવો ઘાટ થયો છે. અગાઉ પાટીદારો અને દલિતો સામે થયેલા પોલીસ દમનને કારણે બે મોટા આંદોલનો અને ભાજપની કફોડી સ્થિતિ થઈ હોવાથી ભાજપ હવે આ બાબતને હળવાશથી લીધા વગર કોઈ જોખમ લેવા માંગતું નથી. જેથી પોલીસને પહેલેથી જ સૂચનાઓ આપીને યોગ્ય વાતાવરણ ઊભુ કરવા માંગે છે તેમ લાગે છે.

## ૨૦૧૭ની ચૂંટણી પરિવર્તનના સંદેશ સાથેની છે : પરેશ ધાનાણી

ગાંધીનગર, તા. ૨૮

વિધાનસભાની આ વખતની સામાન્ય ચૂંટણી પરિવર્તનના સંદેશ સાથે આવી છે ત્યારે ઉમેદવાર નહિ પણ પક્ષ વિજયી થાય તે મહત્વનું સૂત્ર યાદ રાખી સૌ કાર્યકરોને ચૂંટણીની કામગીરીમાં લાગી જવા પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પરેશ ધાનાણીએ આજે જણાવ્યું હતું.

પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પરેશભાઈ ધાનાણીએ આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં ભય, ભ્રમ અને ભ્રષ્ટાચાર દ્વારા સમગ્ર ગુજરાતમાં છેલ્લા ૨૨ વર્ષથી શાસન ચલાવતા ભાજપને ૨૨ વર્ષમાં શું કર્યુ. તેવો પ્રશ્ન કરીને અગાઉના ૫૭ વર્ષના ગુજરાત રાજ્યના ૨૩ વર્ષના શાસનમાં કોંગ્રેસે શું કર્યુ તેનો હિસાબ આપીને કોંગ્રેસ પક્ષની ઉપલધિઓ વર્ણવી હતી. ગુજરાતનો સામાન્ય જન વેદના-હાલાકી અને ડરના ઓથા હેઠળ જીવે છે. તેઓએ ૧૪મી ડિસેમ્બરે છેલ્લા ૨૨ વર્ષથી ગુજરાતમાં કમળ રૂપે ખીલેલા કાદવને ઉલેચીને સાફ સૂફી કરવાનો સંકલ્પ ઉપસ્થિત કોંગ્રેસ કાર્યકરોને લેવડાવ્યો હતો. જિલ્લા કોંગ્રેસ પ્રમુખે આગામી ૧૪મી ડિસેમ્બરે યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં પંજો ઉમેદવાર છે. કોઈ શખ્સનું મહત્વ નથી પણ પક્ષ મહાન છે. તેવી સર્વ સામાન્ય ફોર્મ્યુલા અને સમજ કેળવે તે આજના પરિવર્તન અને બદલાવના દોરમાં જરૂરી નહિ આવશ્યક છે.

ગુજરાત કહે છે... કોંગ્રેસ આવે છે... ના ધ્યેય સાથે ''નવ સર્જન ગુજરાત''ના સ્વપ્રને સાકાર કરવા મિશન-૨૦૧૭ અંતર્ગત આગામી ૧૪મી ડિસેમ્બરે યોજાનાર વિધાનસભાની સામાન્ય ચૂંટણીના પડકારને ઝીલવા તેમજ રાજ્યની ભાજપ સરકારની નિષ્ફળતા પ્રજા સમક્ષ ઉજાગર કરવા તેમજ ચૂંટણીલક્ષી કામગીરી કરવા આજરોજ તા.૨૮-૧૦-૨૦૧૭ શનિવારના રોજ સવારે ૧૦-૩૦ કલાકે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય, સે-૨૨, ગાંધીનગર ખાતે જિલ્લા કોંગ્રેસની કારોબારી બેઠક જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષપદે તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ પરેશભાઈ ધાનાણી (ધારાસભ્ય), બળદેવજી ઠાકોર , જિ.પં. પ્રમુખ રામાજી ઠાકોર, વિધાનસભા નિરીક્ષકો જે.એમ. ત્રિવેદી, વિમલ ગુપ્તાની વિશેષ ઉપસ્થિતીમાં યોજાઈ હતી. જેમાં જીલ્લા કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો સર્વ નિશિત વ્યાસ, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. સી.જે. ચાવડા, જુગાજી ઠાકોર, સુરેશભાઈ પટેલ, શૈલેન્દ્રસિંહ બિહોલા, સોનલબા ચાવડા, ગીતાબેન પટેલ, બાબુજી ઠાકોર, ધનજીભાઈ પરમાર, એલ.એન. પરમાર સહિત શહેર જિલ્લા કોંગ્રેસના પદાધિકારીઓ-તાલુકા, ચૂંટાયેલા તમામ સદસ્યો, ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન સહીત કોંગ્રેસના તમામ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.




## વડોદરામાં રખડતા કૂતરાઓના ત્રાસથી ગ્રામજનો પરેશાન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના વડોદરા ગામે કૂતરાઓના ત્રાસથી ગ્રામજનો પરેશાન થઈ ગયા છે. જિલ્લાના વડોદરા ગામમાં જ રોડ પર ૨૦૦થી વધુ કૂતરાઓ હોવાથી ટ્રાફિકના પ્રશ્નો પણ ઉભા થવા પામ્યા છે. આ કૂતરાઓ વાહનચાલકને કરડે છે એટલુ જ નહિ તેમની પાછળ પણ પડે છે તેથી અકસ્માતનો સતત ભય વાહન ચાલકોને રહ્યા કરે છે.

ગ્રામજનોએ આ અંગે પંચાયતના સદસ્ય દિનેશજી ઠાકોર સમક્ષ રજુઆત કરતાં તેમણે આ અંગે વન વિભાગના સત્તાવાળાઓનું પણ ધ્યાન દોર્યુ છે. તેમણે જણાવ્યુ હતુ કે રોડ પર અન્ય ગામોથી કૂતરાઓ છોડી જવામાં આવતા હોવાની ફરિયાદ પણ ગ્રામજનોએ કરી છે કારણ કે ગામના કૂતરા ઉપરાંતના આ રખડતા કૂતરાઓ છે.

## શહેરી વિસ્તારના ગામોમાં આગામી ઉનાળામાં પાણીની પોકાર સંભળાશે નહી

### ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યાને હલ કરવા માટે પાઇપલાઇન, ઓવરહેડ ટાંકી તેમજ સંપનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૮

શહેરી વિસ્તારના ગામોમાં આગામી ઉનાળામાં પાણીની પોકાર નહીં ઉઠે. શહેરી વિસ્તારના ગામોમાં પાણી રસ્તા અને ગટર સહીતની માળખાગત સુવિધાઓ ખાડે ગઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આકરી ગરમીના દિવસોમાં પુરતુ પાણી સપ્લાય ન થતા સ્થાનિકોમાં રોષ પ્રવર્તે છે. જેને ધ્યાને લઈ પાણીની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ કામ ટુંકમાં જ શરૂ કરી દેવાશે. આ કાર્યયોજના પાછળ રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર શહેરી વિસ્તારના પાંચ ગામોમાં માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો રોષ લાંબા સમયથી પ્રબળ બન્યો છે. અધુરુ ગટર લાઈનની કામગીરીના લીધે પણ અગાઉ ગ્રામજનોમાં આક્રોશ પ્રવર્તયો હતો. જયારે શહેરી વિસ્તારના ગામોની ટોપોગ્રાફી પણ પાઈપલાઈનના નેટવર્ક માટે યોગ્ય ન હોવાથી પાણીની સમસ્યા વધુ જટીલ બની છે. ત્યારે દાયકાઓના અંતે પાણીની પાઈપલાઈન અપગ્રેડ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. અગાઉ શહેરી વિસ્તારના ગામોમાં પાણીના નવા બોર બનાવાયા હતા. જયારે હવે પાણીના બોર બાદ પાઈપલાઈન તેમજ સંપ અને ઓવરહેડ ટાંકીનુ કામ શરૂ કરી દેવાશે. પાણીનો ફોર્સ વધારવા માટે નાની લાઈનો બદલી મોટી લાઈનો નાંખવામાં આવશે. આ ઉપરાંત દરેક ગામમાં પાણીની ઓવરહેડ ટાંકી તેમજ બોરરૂમ અને કમ્પાઉન્ડ વોલનુ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરીને અનુલક્ષીને અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામને અનુલક્ષી તંત્ર દ્વારા અગાઉ ટેન્ડર પ્રક્રીયા પણ પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે કામગીરી શરૂ કરવા માટેનો વર્ક ઓડર પણ આપી દેવાયો છે. ત્યારે હવે જવાબદાર એજન્સી દ્વારા પાઈપલાઈનનુ કામ શરૂ કરી દેવાશે. શહેરી વિસ્તારના પાલજ , બાસણ ઈન્દ્રોડા, ધોળાકુવા અને ફતેપુરા સહીતના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે તંત્ર દ્વારા વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરાશે. પાણી વિતરણની વ્યવસ્થા અપગ્રેડ કરી દેવાયા બાદ આગામી ઉનાળામાં શહેરી ગામોમાં પાણીની બુમ ઉઠશે નહીં તેમ પણ મનાઈ રહયુ છે.



ગજાનન સેવા સમિતિ દ્વારા લાભ પાંચમના દિવસે જાભ ચિતરીયા ખાતે પાંચ ગામના ૧૧૦ લાભાર્થીને ૨૨૦ પેકેટ મીઠાઈ તેમજ ત્રણ કિલો ગ્રામ ચોખાની કીટનું વિતરણ કર્યુ હતું. ઉપરાંત અણસોલ મુકામે કુલ ૧૬ લાભાર્થીને ૩ કિગ્રા, ચોખા, મોહનથાળના પેકેટ, ચા ૧૦૦ ગ્રામ તેમજ ૩૨ પેકેટ મીઠાઈ આપી હતી. બધા લાભાર્થીને બેસાડી નાસ્તો કરાવવામાં આવ્યો હતો. જયારે મીઠાઈના પેકેટ રાધે સ્વીટ્સ તરફથી વિનામુલ્યે આપવામાં આવ્યા હતા. સેવાકાર્યમાં અભિષેક, મહર્ષિ, યોગેશભાઈ તેમજ મિલિન્દભાઈ અને ખીમજી ભાઈ સાથે હતા.

## વાયદાની નહિ ફાયદાની બાપૂ સરકાર, વિડિયો વાયરલ

ગાંધીનગર,તા.૨૮

ભાજપ-કોંગ્રેસ રાજકીય પક્ષો ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચનોના નામે કઈ રીતે વાયદાનો વેપાર કરે છે તેની ચોંકાવનારી હકીકતો દર્શાવતી જનવિકલ્પ પાર્ટીના પ્રણેતા શંકરસિંહ વાઘેલાનો વિડિયો સોશ્યલ નેટવર્કિંગ મિડિયામાં ભારે વાયરલ થઈ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ વાયરલ થયેલા વીડિયોમાં શંકરસિંહ વાઘેલાએ તેઓ ભાજપ અને કોંગ્રેસમાં હતા ત્યારે ચૂંટણી ઢંઢેરામાં મતદારો સાથે કઈ રીતે છેતરપિંડી થતી હતી તે પણ જણાવ્યું છું. વિડિયોમાં તેઓ કહે છે કે તેઓ તે વખતે ભાજપ અને કોંગ્રેસના નેતાઓને કહેતા કે જેનો અમલ જ ના થઈ શકે તેવા વચનો શા માટે આપવા જોઈએ? ભાજપ અને કોંગ્રેસે જે વચનો આપ્યા તેનો ૨૫ ટકા પણ અમલ થયો નથી.






## પ્રાંતિયામાં ભાજપનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તાર પ્રાંતિયામાં આજરોજ ઉત્તરપ્રદેશ સરકારના મંત્રી ડૉ. મહેન્દ્રસિંહની ઉપસ્થિતિમાં ગુજરાત ગૌરવ સ્નેહમિલન કાર્યક્રમ યોજાઈ ગયો હતો. આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, હિતેન્દ્ર પટેલ, હિનાબેન પટેલ, જશુભાઈ પટેલ, આી.બી. વાઘેલા, નરહરી અમીન સહિત જિલ્લા તથા તાલુકાના ભાજપના હોદ્દેદારો, કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ ગુજરાત ગૌરવ સ્નેહમિલન કાર્યક્રમ અંતર્ગત એકબીજાને શુભકામના પાઠવી ગુજરાત ગૌરવની વિસ્તારપૂર્વક ચર્ચા અને તેના ફેલાવા અંગે ભાર મુકવામાં આવ્યો હતો. પ્રાંતિયા તથા આજુબાજુ ગામના ગ્રામજનો તથા આગેવાનો હાજર રહી આ પ્રસંગને દિપાવ્યો હતો.

### ''નમુનો-ઝ''
### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬
### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯
### (નિયમ ૨૬(૧) અને ૨૬(૩))
### મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૮ (ભાટ-સુઘડ-નભોઈ)

હું નીચે સહી કરનાર, નગર રચના અધિકારી, નગર રચના યોજના, એકમ-૧૪, અમદાવાદ, આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને જાણ કરું છું કે, ગુજરાત સરકારશ્રીના તા. ૬/૧૦/૨૦૧૭ના અસાધારણ રાજ્યપત્ર ભાગ-૪-બી ના પાન નં. ૪૬૬-૨ ઉપર પ્રસિદ્ધ થયેલ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની તા. ૧૮/૯/૨૦૧૭ની અધિસુચના ક્રમાંક : જીએચ/વી/૨૦૧૭ નો ૨૪૩/નરય/૧૧૨૦૧૭/૬૫૬૪/લ, થી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૫૦(૧) હેઠળ નગર રચના અધિકારી, નગર રચના યોજના એકમ-૧૪, અમદાવાદની નગર રચના અધિકારી તરીકે નિમણુંક થયેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૨૬ના પેટા નિયમ (૧) થી ઠરાવ્યા મુજબ હું આથી નોટીસ આપુ છું કે, મે, તા. ૨૪/૧૦/૨૦૧૭ને મંગળવારના રોજ નગર રચના અધિકારી તરીકેની કાયદાકીય ફરજો સંભાળી લીધેલ છે.

મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૮ (ભાટ-સુઘડ-નભોઈ)ની ચતુઃસીમા તથા હદ નીચે મુજબ છે.

**ઉત્તરે : નર્મદા મેઈન કેનાલ**

**દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૯ (ભાટ)**

**પૂર્વે : સાબરમતી નદી**

**પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૮૦ (ભાટ-સુઘડ)**

ઉપરોક્ત નગર રચના યોજના નં. ૨૩૮ (ભાટ-સુઘડ-નભોઈ)માં નીચે મુજબના મોજે. ભાટ - સુઘડ - નભોઈના રે.સ. નંબરો / સીટી સર્વે નંબરોનો સમાવેશ થાય છે.

**મોજે. ભાટ ગામના સર્વે નંબરો :**

૯૩/પે., ૯૮/પૈ, ૯૯/પૈ, ૧૦૦, ૧૦૧/પૈ, ૧૦૨/પૈ, ૧૦૩/પૈ, ૧૦૫/પૈ, ૧૦૬ થી ૧૩૭, ૧૩૮/પૈ, ૧૩૯/પૈ, ૧૪૦થી ૧૪૪, ૧૪૫/પૈ, ૧૪૬/પૈ, ૧૫૪/પૈ, ૧૫૫/પૈ, ૧૫૩, ૧૭૨, ૧૭૩, ૧૭૪/પૈ, ૧૭૫/પૈ, ૧૭૬ થી ૧૭૮, ૧૭૯/પૈ, ૧૮૦ થી ૧૯૫, ૧૯૬/પૈ, વિગેરે.

**મોજે. નભોઈના સર્વે નંબરો :**

૯/પૈ, ૧૧/પૈ, ૧૩, ૧૪, ૧૫/પૈ, ૧૬ થી ૨૨, ૨૩/પૈ, ૨૪ થી ૨૬ વિગેરે.

**મોજે. સુઘડના રે.સ. નંબરો :**

૧૨૬/પૈ, ૧૨૭ થી ૧૪૨, ૧૪૩/પૈ, ૧૪૪/પૈ, ૧૪૫/પૈ તથા સદર મોજે. ભાટ - સુઘડ - નભોઈની મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૮ની ચતુઃસીમામાં આવતા તમામ સર્વે નંબરો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ કરેલા નિયમોના નિયમ-૨૬ના પેટા નિયમ-૩ થી ઠરાવ્યા પ્રમાણે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતોથી અસર પામેલ વ્યક્તિઓને જાણ કરું છું કે, તેઓને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ના કલમ-૫૨માં જણાવેલી બાબતો સંબંધમાં સરકારશ્રીના રાજ્યપત્રમાં આ અધુસુચના પ્રસિદ્ધ થયાના ૨૦ (વીસ) દિવસની અંદર પોતાના વાંધ જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિતમાં રજુ કરવા.

ઉપરની નગર રચના યોજના દ્વારા હાનિકારક અને અસર પામેલી કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનમય-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકસાનીનો દાવો કરવા હક્કદાર છે, અને તેમણે તેમના દાવાની વિગતો આ અધુસુચના પ્રસિદ્ધ થયાના ત્રણ મહિનાની અંદર જરૂરી દસ્તાવેજો અને જરૂરી પ્રમાણિત પુરાવા સહિત મારી સમક્ષ લેખિતમાં રજૂ કરવા.

સરકારશ્રીએ મંજુર કરેલ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૩૮ (ભાટ-સુઘડ-નભોઈ)ના મુસદ્દાની નકલ તમામ જરૂરી દસ્તાવેજો, પત્રકો, નમુનાઓ, નકશાઓ જોવા માટે રજાના દિવસો સિવાયના તમામ દિવસોએ કચેરીના સમય દરમિયાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લા રાખવામાં આવેલ છે, અને જમીનમાં હિત ધરાવતા તમામ વ્યક્તિઓ અને નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલા કોઈપણ વ્યક્તિને ઉપરોક્ત કચેરીમાં યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

**અમદાવાદ**
**તા. ૨૪/૧૦/૨૦૧૭**
**કચેરીનું સરનામું :**
**નગર રચના અધિકારીની કચેરી,**
**નગર રચના યોજના એકમ-૧૪,**
**૩૦૭, ત્રીજે માળ,**
**શ્યામજીકૃષ્ણ વર્મા રમતગમત,**
**સાંસ્કૃતિક તથા વાણિજ્ય સંકુલ**
**ન્યુ ક્લોથ માર્કેટ સામે, રાયપુર, અમદાવાદ-૨**

સિક્કો

**સહી/-**
**નગર રચના અધિકારી**
**નગર રચના યોજના એકમ-૧૪**
**અમદાવાદ**

ક્રમાંક/સંમાની/અમદ/૧૪૪૭/૨૦૧૭-૧૮